## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું મુંબઇથી ગાંધીનગર જોબ માટે આવ્યો ત્યારે ટ્રાફિક જોવા નતો મળતો એ સમસ્યા હતા..!!

# ટીફીન સર્વિસની આડમાં ચાલતુ જુગારધામ એલસીબી-૨ એ ઝડપી પાડ્યું

**પોલીસે ૬ જુગારીઓને રૂ.૩૯ હજારથી વધુની મત્તા સાથે ઝડપ્યા, પ્લાસ્ટીકના કોઈન થી જુગાર રમાતો હતો,**

ગાંધીનગર, તા.૨

શહેરના સેક્ટર-૭ માં ચાલતા જુગારધામ પર એલસીબી-૨ પોલીસે દરોડો પાડી ૬ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પ્લાસ્ટીકના કોઈન થી જુગાર રમતા જુગારીઓને જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

ટીફીન સર્વિસની આડમાં જુગાર ધામ ધમધમતુ હતું. પોલીસે દરોડો પાડી અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૪,૩૬૦, મોબાઈલ ફોન કિં.૫ હજાર તેમજ પ્લાસ્ટીકના કોઈન-૧૩૯ મળી કુલ રૂ.૩૯ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૭ પ્લોટ નં. ૬૨૧-૧ માં રહેતો વિશ્વાસ રમણલાલ રામી પોતાના ઘરમાં જુગારધામ ચલાવે તેવી બાતમી એલસીબી-૨ પોલીસને મળી હતી. જેથી પોલીસ બાતમીવાળા ઘરે પહોંચી હતી.ત્યાં નીચે ટીફીન સર્વિસની કામગીરી ચાલી રહી હતી.

જયારે રૂમની અંદરથી સીડી ચડીને પોલીસ ઉપરના માળે પહોંચી દરવાજો ખખડાવતા એક શખ્સે દરવાજો ખોલ્યો હતો. જયાં પાંચ જુગારીઓ કુંડાળુ વળી પ્લાસ્ટીકના કોઈનથી જુગાર રમતા હતા.પોલીસને જોઈ તેઓ પણ ચોંકી ગયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રૂ.૨૯,૪૬૦ તેમજ દાવ પરથી રૂ.૪૯૦૦ મળીને કુલ રૂ.૩૪,૩૬૦ રોકડા મળી આવ્યા હતા.

જયારે પ્લાસ્ટીકના વિવિધ કોઈન જુગાર રમાડવામાં આવતો હતો.જય ભોલે અને વિશ્વા લખેલ કોઈન પર ૧,૨ અને ૫ (સ્ટાર) છાપેલા હતા.

પોલીસે કોઈન અંગે વિશ્વાસ રામીને પુછતા તેણે ૫ (સ્ટાર) એટલે રૂ.૫૦૦ થાય છે. જયારે બહારથી જુગાર રમવા માટે આવતા જુગારીઓ પાસેથી રોકડા રૂપીયા લઈને તેઓને કોઈન આપવામાં આવતા હતા. ત્યારબાદ જુગાર રમી લીધા પછી કોઈન પરત લઈ રૂપીયા ચુકવી દેવામાં આવતા હતા.જયારે એક બાજી દીઠ રૂ.૩૦ ભાડુ લેવાતુ હતું. પોલીસે વિવિધ કલરના કોઈન નંગ-૧૩૯, એક મોબાઈલ ફોન, જુગારનુ સાહિત્ય, તેમજ રોકડ મળી કુલ રૂ.૩૯,૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓની ધરપકડ કરી સે-૭ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**જુગારીઓના નામ**

- ઘનશ્યામ નાગરભાઈ પટેલ (રહે.સેકટર-૨ બી પ્લોટ નં.૪૪૬-૨)
- હસમુખ નાથાભાઈ પ્રજાપતિ (રહે,૫૫૩૦ ગોપાલનગર સોસાયટી પેથાપુર ચાર રસ્તા તા.જી.ગાંધીનગર)
- મીન બહાદુર ખડકસિંહ રાવત (રહે. ૭૧ શ્રી નગર સોસાયટી સેકટર-૨૪ ગાંધીનગર)
- સુરેશ ભાઈલાલભાઈ પટેલ (રહે. એ-૩૦૪ સ્વપ્નવીલા સોસાયટી પેથાપુર ચાર રસ્તા નજીક)
- જગદીશ ગીરીશભાઈ શેઠ (રહે. પ્લોટ નં.૩૯૫-૨ સેકટર-૨)
- વિશ્વાસ રમણલાલ રામી (રહે. પ્લોટ નં.૬૨૧-૧ સેકટર-૭)

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન તડકો રહેતાં ઠેર-ઠેર ભરાયેલા પાણી સુકાઈ જવા પામ્યા હતા.

●ગાંધીનગર શહેરના સે. ૩૦માં આજે ત્રણેક પાણીના લિકેજીસ જોવા મળ્યા હતા અને કાઉન્સીલરોએ જોડે ઉભા રહી રિપેરીંગ કરાવ્યુ હતુ.

●ગાંધીનગર શહેરમાં આજે સવારે ડહોળુ પાણી કેટલાક વિસ્તારોમાં આવ્યાનું બહાર આવ્યું છે.

●મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી કો.ઓ. બેંકમાં ગાંધીનગર પંચાયતના કર્મચારીઓને સભ્યપદ આપવાનો અને સમાવવાનો નિર્ણય કરાતાં પંચાયતના કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

●બારોરીસણામાં વેચાણ કરેલો ફ્લેટ પુનઃ વેચાણ કરીને છેતરપીંડી કરનારા ત્રણ વ્યક્તી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ.

●અસારવાથી દહેગામ ડુંગરપર જતી ડેમુ ટ્રેન હવે ચિત્તોડગઢ સુધી દોડશે.

●આદરજ ગામમાંથી ઉકરડા પાસે સંતાડેલ રૂ. ૧.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો.

●પાથિકાશ્રમ બસસ્ટેન્ડે બસમાં ચડતા મુસાફરનો મોબાઈલ ચોરાયો.

●શિહોલી મોટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાંથી તસ્કર ૭૦ હજારની કિંમતનું એમ્પ્લીફાયર ચોરી ગયા.

●ખોરજ હાઈવે રોડથી કારમાંથી ૨.૭૫ લાખના દારૂ સાથે બે ઈસમ ઝડપાયા.

●ગાંધીનગરના રૂપાલ ગામે હાઈસ્કૂલની બાજુમાં જુગાર રમતા બે ઈસમોને પોલીસે પકડી પાડ્યા.

●કલોલ સરદાર બાગ પાસે આવેલ ફ્લેટના પાર્કિંગમાં પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી.

●પુન્દ્રાસણ નજીક બે રીક્ષા વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં છ થી વધુને ઈજા થઈ છે.

●ગાંધીનગર મનપા દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે હવે બાકીદારોની યાદી તૈયાર કરવામાં આવશે.

●ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે આગામી સપ્તાહમાં આરોગ્યમંત્રી આવી રહ્યાની વાતોને લઈ તંત્રએ તૈયારીઓ આરંભી.

●જિલ્લાભરમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણીને શિષ્યો-ભક્તો દ્વારા આખરી ઓપ આપી દેવાયો.

●કુડાસણની સમન્વય રેસીડેન્સી સોસાયટીમાં આજે વૃક્ષારોપણનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો હતો.

## એમ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ દ્વારા એક્સપર્ટ ટોકનું આયોજન

ગાંધીનગર, તા. ૨

એમ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી અને માઈક્રો બાયોલોજી, એમ.એસ.સી. વિભાગ દ્વારા એક્સપર્ટ ટોક અને એલ્યુમિની ટોક રાખવામાં આવી હતી. જેમાં યુનિપથ સ્પેશ્યાલિટી લેબોરેટરી લિમીટેડના સિનીયર સાયન્ટિસ્ટ ડૉ. સ્પનંદ ચૌધરીએ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં એમ.એસ.સી. બાયોટેકનોલોજી અને માઈક્રો બાયોલોજીના કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૬ અધ્યાપકગણોએ લાભ લીધો હતો.

## કેન્યાના નાઈરોબી નજીક અકસ્માતમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની સંવેદના અને સહાય

ગાંધીનગર, તા.૨

ખરી સંવેદનાને કોઈ સીમાડા નથી હોતા. સંતત્વ ધરાવતી વ્યક્તિ માટે આખી દુનિયા એનો પરિવાર હોય છે. બાપુની રામકથા તેના શ્રોતાઓના હૈયામાં સંવેદનાનું બીજારોપણ કરે છે. આ વાતનું તાજુ ઉદાહરણ એટલે ગત દિવસોમાં નાઈરોબી નજીક પશ્ચિમ કેન્યાના એક પ્રાંતમાં અત્યંત હૃદય દ્રાવક અકસ્માત થયો હતો જેમાં એક ટ્રક બેકાબૂ બનીને એ વિસ્તારમાં આવેલી માર્કેટમાં રહેલા વાહનો પર ફરી વળ્યો હતો અને એ ગોઝારા અકસ્માતમાં બાવન (૫૨) લોકોનાં મોત થયાં છે. પુજ્ય મોરારિબાપુ તરફથી આ ઘટનામાં માર્યા ગયેલાઓને પ્રત્યેકના પરિવારજનોને રુપિયા ૧૧ હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. પૂજ્ય બાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે. રુપિયા ૫ લાખ ૭૨ હજાર શ્રી હનુમંત સંવેદના રાશિ નાઈરોબી સ્થિત રામકથાના શ્રોતાઓના Simple Pay Foundation- Kenya દ્વારા અર્પણ કરવામાં આવી રહી છે. આ પ્રમાણે પૂજ્ય મોરારીબાપુની રામકથા તેના શ્રોતાઓને સમાજ ઉપયોગી કાર્યો માટે પ્રેરણા આપી રહી છે, જેના પરિપાક રૂપે દેશ-વિદેશમાં પણ અસંખ્ય વખત આ પ્રકારની ઘટનાઓમાં રાહત પહોંચતી કરવામાં આવી છે.

## ઝુંડાલથી અડાલજ માર્ગ પર ગાડીમાં આગ લાગી




ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ઝુંડાલ થી અડાલજ તરફ જવાના માર્ગ પર આજે એક ગાડીમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા કાર બળીને રાખ થઈ ગઈ હતી. બનાવની જાણ થતા ગાંધીનગર ફાયરની ટીમ પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો . જો કે બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી. કાર સળગી રહી હોવાથી વાહન વ્યવહાર થોડીવાર માટે થંભી ગયો હતો.

## શિહોલી મોટી ગામના ક્રિકેટ ગ્રાઉન્ડમાંથી એમ્પ્લીફાયર ચોરી કરનાર ત્રણ ઝડપાયા

**પોલીસે ત્રણેય શખ્સોને ઝડપી પાડી રૂ.૭૦ હજારનું એમ્પ્લીફાયર કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી દીધો**



ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના શિહોલી મોટી ગામની સીમમાં બે માસ અગાઉ ક્રિકેટ ગ્રાઉન્ડના સ્ટેજ પરથી સાઉન્ડ સિસ્ટમના એમ્પ્લીફાયરની ચોરી થઈ હતી. ત્યારે ચિલોડા પોલીસના સર્વેલન્સ સ્કવોડની ટીમે રૂ.૭૦ હજારના એમ્પ્લીફાયર સાથે ત્રણ શખ્સોને દબોચી લઈ ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.બી.ઝાલા તેમજ ટીમના સભ્યો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમિયાન અલ્તાફ અબ્દુલભાઈ અને વિજયસિંહ તેજુસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા સર્કલ થી અમદાવાદ તરફ જવાના માર્ગ પર ઓમ લેન્ડ સ્કુલની સામે રોડ ઉપર ત્રણ શખ્સો શંકાસ્પદ હાલતમાં ઉભા છે. જયારે એક શખ્સના હાથમાં મીણીયાની થેલીમાં રહેલી વસ્તુ વેચવા માટે અમદાવાદ જવાની ફિરાકમાં છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તાત્કાલીક ત્રણેય પૈકી એકના હાથમાંથી ઝેડ -૫ મોડલનું સાઉન્ડ સિસ્ટમનુ એમ્પ્લીફાયર મળી આવ્યુ હતું. પોલીસે ત્રણેયના નામ પુછતા કરણ કેશરીસિંહ સોલંકી ( ઉં.૧૯, રહે. આલમપુર ગામ), કિશન ઉર્ફે મંગો રણછોડજી સોલંકી (ઉં.૨૧, રહે આલમપુર ગામ પ્રભુનગર વાસ) અને યુવરાજસિંહ રમેશસિંહ ઝાલા (ઉં.૧૯ રહે.સગદલપુર બળીયાદેવના મંદિર પાસે તા.દહેગામ) હોવાનું જણાવ્યું હતું.જયારે ત્રણેય શખ્સોએ શિહોલી મોટી ગામે ક્રિકેટ ગ્રાઉન્ડના સ્ટેજ પરથી સાઉન્ડ સિસ્ટમના એમ્પ્લીફાયરની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. ચિલોડા પોલીસે રૂ.૭૦ હજારનું એમ્પ્લીફાયર કબ્જે કરી ત્રણેય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝુલેલાલ સાંઈબાબા મંદિરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે ઝૂલેલાલ સાંઈધામ મંદિર, સે. ૩૦ ખાતે ૧૨મો ગુરૂપૂર્ણિમાનો ભવ્ય મહોત્સવ યોજાશે. તારીખ ૩ સોમવારે આનંદ અને ઉત્સાહપૂર્વક આ મહોત્સવ ઉજવાશે.

જયાં મુખ્ય અતિથિ મેયર હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સર્વે ભાવિક ભક્તોને લાભ લેવા ભાવભીનું આમંત્રણ પાઠવ્યું હતુ.

## સે. ૩-સી શક્તિચોક મંદિરમાં ગુરુપૂર્ણિમાના દિવસે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૩ જુલાઈએ આનંદનો ગરબો સે. ૩-સી શક્તિચોક મંદિરમાં યોજાશે. બપોરે ૧ થી ૪ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે.

## શહેરમાં માર્ગ વચ્ચે ગાય આવતા નડેલા અકસ્માતમાં યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

શહેરના સેક્ટર-૨૬ જીઆઈડીસી ફ્લેટ ખાતે રહેતા મા-દિકરો એકટીવા પર રાત્રીના સમયે ડીએસપી ઓફિસના કટ થી ગ-૭ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક માર્ગ વચાળે ગાય આવી જતા એકટીવાને બ્રેક મારતા સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા દિકરાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી સ્થિત આરબીએલ ડીજી ૦૨ જીઆઈડીસી ફ્લેટ ખાતે રહેતા મંજુલાબેન ગોટીલાલ શાહ તેમના ૨૬ વર્ષિય દિકરા નિહાલ શાહ સાથે ગત તા.૨૯ જુનના રોજ રાત્રીના સાડા આઠ વાગે એકટીવા નં. જી.જે.૧૮.સી.જી.-૮૮૦૩ લઈને સેક્ટર-૨૪ માં જઈ રહ્યા હતા. તે દરમિયાન ડીએસપી ઓફિસના કટ થી ગ-૭ વચ્ચે માર્ગ વચાળે અચાનક ગાય આવી જતા નિહાલે બ્રેક મારી હતી. જેથી એકટીવા સ્લીપ ખાઈ ગયુ હતું. જેથી માતા-દિકરો નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. જેથી આસપાસના રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ ને કોલ કરતા બંનેને ઈજાગ્રસ્તને સારવાર માટે સિવિલ ખસેડાયા હતા. જયાં મંજુલાબેનને ડાબા પગના સાથળના ભાગે ફ્રેકચરનું નિદાન થયુ હતું. જયારે નિહાલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો. જો કે નિહાલના પિતા તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં નિહાલની સઘન સારવાર ચાલી રહી હતી.પરંતુ અચાનક સારવાર દરમિયાન જ નિહાલનું મૃત્યુ નિપજયુ હતું. આ મામલે મંજુલાબેનની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## શહેરમાં નેચર ફર્સ્ટ સ્વચ્છતા અભિયાન ૯૯ નોટ આઉટ.!




ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમી મિત્રો દ્વારા ચલાવવામાં આવતા નેચર ફર્સ્ટ સ્વચ્છતા અભિયાન આજે ૯૯ સપ્તાહ સુધી નોટ આઉટ પહોંચી ગયા છે. ગાંધીનગરના જાણીતા સેવાભાવી વેસ્ટર્ન એગ્રી સિડ્સના ડૉ. એન. પી. પટેલ અને સૌ સાથી મિત્રો દ્વારા આ મોહીમ ઉપાડવામાંઆવી છે.

દર શનિવાર સવારે નવથી દસ આ મિત્રો ગાંધીનગરના કોઈ એક ચોક્કસ વિસ્તારોમાં જઈને સ્વચ્છતા અભિયાનમાં સમય દાન કરે છે અને ત્યાંથી પ્લાસ્ટિક કચરો એકઠો કરીને સમાજમાં શહેરમાં નેચર અવેરનેસનું કામ કરે છે. આ શનિવારે આ નેચર ફર્સ્ટના મિત્રોએ ડીમાર્ટ સેક્ટર - ૨૬ ખાતે આ અભિયાન ચલાવ્યું હતું જેમાં સ્થાનિક નગરસેવક શ્રીમતી અંજના મહેતા અને શ્રીમતી મીનાબહેન સાથે પૂર્વ નગરસેવક સુરેશભાઈ મહેતા જોડાયા હતા. એક કલાકના સ્વચ્છતા અભિયાન બાદ પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે વાર્તા સાથે આ અભિયાન માટે સૌએ જાતે સમર્પિત થઈ અન્યને જોડવા માટે અપીલ કરી હતી હતી ડૉ. એન. પી. પટેલે આજનો દિવસ ખાસ ગણાવ્યો હતો કારણ કે આવતા શનિવારે આ અભિયાનની સેન્ચ્યુરી થવાની છે. કાર્યક્રમના અંતે સૌ મિત્રો હનુમાન ચાલીસાના પાઠ કરી છુટા પડ્યા હતા.

## પતિએ પત્ની પર હુમલો કર્યો, મહિલા ખસી જતા તલવાર બાળકીને વાગી

ગાંધીનગર, તા.૨

શહેરના પ્રેસ છાપરા ખાતે ગતરોજ બપોરે દિયર-ભાભી વચ્ચે લાઈટબીલ મુદ્દે બોલાચાલી થઈ હતી. જેથી ભાઈનું ઉપરાણુ લેતા પતિ-પત્નિ વચ્ચે માથાકુટ થઈ હતી. પતિ તલવાર લઈને પત્નિને મારવા જતા તે ખસી જતા ત્રણ વર્ષની દિકરી આરફાનને માથામાં વાગતા ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ખસેડાઈ હતી. બનાવ અંગે મહિલાએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.મળતી વિગત મુજબ ૨૨ વર્ષિય સબિયાબેગમ ગુલામ મોહીનુદીન શેખ પરીવાર સાથે પ્રેસ છાપરા બગીચાની પાછળ રહે છે.મહિલાને પરિવારમાં પતિ, ૩ વર્ષની દિકરી, ૨ વર્ષનો દિકરો, અને ૪ માસની દિકરી છે. ગતરોજ બપોરે પતિ-પત્નિ ઘરે હતા, ત્યારે મહિલાને બાજુમાં રહેતા દિયર સાથે લાઈટ બીલ અંગે માથાકુટ થઈ હતી. દિયરને અડધુ લાઈટ બીલ ભરવાનું કહેતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો. ઘરમાં પડેલી તલવાર લઈ પત્ની પર હુમલો કર્યો હતો. તે સમયે મહિલા ખસી જતા તલવાર તેમની ત્રણ વર્ષની દિકરીને આરફાનને માથામાં વાગી હતી. તલવાર વાગતા

**લાઈટબીલની માથાકુટ ચાલી રહી હતી, ત્રણ વર્ષની બાળકી સારવાર હેઠળ**

બાળકીને માથામાંથી લોહી નીકળતુ હતું. જેથી બુમાબુમ કરતા આરોપી પિતા દિકરીને મુકીને ભાગી ગયો હતો.જયારે પાડોશીની રીક્ષામાં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. બાળકીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ મોકલી આપી હતી. બનાવ મુદ્દે સેકટર-૨૧ પોલીસે માતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા**

## એસ.બી.સી.સી. ટીમ દ્વારા જોખમી સગર્ભાઓ સાથે વધુ એક બેઠક



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા એસ.બી.સી.સી. ટીમ દ્વારા નવતર પ્રયાસ કરવામાં આવ્યો જે અન્વયે માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદરને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ તેમ છતાં વખતો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે.

આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.જે. વૈષ્ણવસાહેબના માર્ગદર્શન હેઠળ દહેગામ તાલુકાના પ્રા.આ.કે. કડાદરા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન કરાયુ હતુ.